# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-03-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## કેબીનેટ મીટીંગ :

કેન્દ્રીય મંત્રીમંડળે 33 હજાર 660 કરોડ રૂપિયાની ફાળવણી સાથે 100 પ્લગ-એન્ડ-પ્લે ઔદ્યોગિક ઉદ્યાનોના વિકાસ માટે ભારત ઔદ્યોગિક વિકાસ યોજના- ભવ્યને મંજૂરી આપી છે. મંત્રીમંડળની બેઠક બાદ નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ્ય વિશ્વ કક્ષાનું ઔદ્યોગિક માળખાગત સુવિધા વિકસાવવા, ઉત્પાદન ક્ષમતાને વધારવા અને દેશના વિકાસને વેગ આપવાનો છે. તેમણે કહ્યું કે 100 થી એક હજાર એકરના ઔદ્યોગિક ઉદ્યાનો વિકસાવવા માટે પ્રતિ એકર 1 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------------

## સિક્સ-જી મોબાઇલ નેટવર્ક :

સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે જણાવ્યું હતું કે ભારત સિક્સ-જીમોબાઇલ નેટવર્ક માટે ધોરણો નક્કી કરવા સતત કામ કરી રહ્યું છે. નવી દિલ્હીમાં આયોજિત સિક્સ-જી માનકીકરણ પર આંતરરાષ્ટ્રીય વર્કશોપના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે કહ્યું કે આ વર્કશોપ કાયમી અને દૃશ્યમાન પરિણામો આપશે. ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં દેશની પ્રગતિની પ્રશંસા કરતા, શ્રી સિંધિયાએ કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં દેશમાં ડેટા ખર્ચમાં 97 ટકાનો ઘટાડો થયો છે.

-----------------------------------------------------------------------------------------------

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ – ચેટીચાંદ :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈ કાલે ચૈત્ર શુક્લાદી, ઉગાદી, ગુડી પડવા, ચેટીચાંદ,નવરેહ અને સાજીબુ ચેરાઓબાની પૂર્વ સંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ તહેવારો પ્રેમ અને સંવાદિતા દ્વારા ભારતના વિવિધ સમુદાયોમાં એકતાને પ્રોત્સાહન આપે અને નાગરિકો માટે સુખ, સમૃદ્ધિ અને સુખાકારી લાવે.

---------------------------------------------------------------------------------------------------

# ભુજ નગરપાલિકા દ્વારા 'સેવા સેતુ' કાર્યક્રમ :

ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ ભુજ નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૦૭ થી ૧૧ ના વિસ્તારમાં રહેતા નાગરિકોના પ્રશ્નો અને સરકારી સેવાઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ લાવવાના ઉમદા આશય સાથે 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આવતીકાલના રોજ સવારે ૯:૦૦ થી ૨:૦૦ કલાક સુધી ટાઉનહોલ, ભુજ ખાતે યોજાશે

---------------------------------------------------------------------------------------------------

# ચૈત્રી નવરાત્રિ પર્વનો પ્રારંભ :

આજથી ચૈત્રી નવરાત્રિ પર્વ નો પ્રારંભ થાય છે વર્ષમાં ઊજવાતી ચાર નવરાત્રી પૈકી મહા અને અષાઢ ગુપ્ત નવરાત્રી કહેવાય છે. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ વસંતઋતુના સમાપન રૂપે ઉજવાય છે જે વાસંતિક નવરાત્રિ કહેવાય છે અને આસોની નવરાત્રિ જેટલુજ મહત્વ ધરાવે છે આજે વહેલી સવારથી જ મંદિરોમાં ઘટ સ્થાપન સાથે તેનો આરંભ થાય છે પૂર્વમાં રવેચી માતાના સ્થાનકથી પશ્ચિમમાં આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢ સુધી તેની ઉજવણી થાય છે માતાનામઢ ખાતે ગઈ રાત્રે જાગીર અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્ર સિંહજીના હસ્તે ઘટ સ્થાપન સાથે નવરાત્રી ઉજવણીનો આરંભ થયો હતો. ભુજના આશાપુરા મંદિરે પણ ગઈકાલે ઘટ સ્થાપન વિધિ થઈ હતી. આજે મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા તેના નવ વર્ષ ગુડી પડવાની ઉજવણી થાય છે લોકો પરસ્પર શુભકામના પાઠવી આ પર્વ ઉજવે છે

---------------------------------------------------------------------------------------------------

## ગેરકાયદે ખનીજ ખનન અને વહન વિરુદ્ધ તપાસ :

જીલ્લાના ગેરકાયદેસર ખનીજ ખનન પર અને વહન કરતા તત્વો પર રોક લગાવવા જીલ્લા કલેકટર ડો.આનંદ પટેલ તથા ખાણ ખનીજ વિભાગની સુચના હેઠળ ત્વરિત તપાસ ટુકડીએ તપાસ હાથ ધરી છેલ્લા ૨ દિવસમાં કુલ ૧ કરોડ ૮૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે જે અંતર્ગત ભચાઉ તાલુકાના લાકડીયા પાસે તપાસ હાથ ધરાતા બિનઅધિકૃત રીતે ખનીજ વહન કરતા ૬ ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. તો, મુન્દ્રાની ભૂખી નદીના વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન અને વહન કરતું ડમ્પર પણ ઝડપી પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં પણ તપાસ કાર્યવાહી દરમ્યાન ખનીજ ઓવરલોડ કરતા ૨ ડમ્પરોને પકડી પાડવામાં આવ્યા હતા. ખનીજચોરી રોકવા માટે હાથ ધરાયેલી આ કડક કાર્યવાહી હજુ પણ ચાલુ રહેશે તેવું જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## રાપર, ખડીર વિસ્તારમાં સરહદી સંવાદ કાર્યક્રમ :

રાપર તાલુકાના સરહદી વિસ્તાર અને ખડીર વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના હેતુથી પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા બાલાસર ખાતે વિશેષ ‘સરહદી સંવાદ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં મધ્ય એશિયામાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વાગડ અને ખડીરના લોકો સાવચેત રહે તે માટે આ કાર્યક્રમમાં માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, સરહદી સુરક્ષા પોલીસની સાથે નાગરિકોની પણ સંયુક્ત જવાબદારી છે ત્યારે કોઈ પણ અજાણ્યા કે શંકાસ્પદ શખ્સની હિલચાલ જણાવતો તાત્કાલિક સ્થાનિક પોલીસને જાન કરવા આહ્વાન કર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------